ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને
વિકાસ નિગમને વર્ષ ૨૦૧૭-૧૮
માટેની શેરમૂડીની ફાળાની ગ્રાન્ટ
ફાળવવા બાબત. રૂ.૭૦,૦૦૦

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:લધસ-૧૦૦૭-૧૦૬૨-અ.૧,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:-૨૮/૦૩/૨૦૧૮

વંચાણમાં લીધા:(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦-૦૪-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક:બીયુડી-૧૦૨૦૧૭-૧૬૪૩૧૬-બ.

(૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમનો તા.૨૭/૧૨/૨૦૧૭નો પત્ર ક્રમાંક: ગુઅસનાવિનિલિ/આઠ માસિક/૨૦૧૭-૧૮/૧૭૨૭૮

ઠરાવ:-

ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંકઃ (૨) પરના મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમનાં તા.૨૭/૧૨/૨૦૧૭ના પત્રથી ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ. ગાંધીનગરને નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે શેરમૂડી ફાળા પેટે રૂ. ૭૦,૦૦૦/- (અંકે રૂપિયા સિત્તેર હજાર પુરા) ની ગ્રાન્ટ ફાળવવા દરખાસ્ત કરવામાં આવેલ છે. આ અંગેની જોગવાઇ સન ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ તા.૧૦-૦૪-૨૦૧૭ ના ઠરાવથી આપવામાં આવેલ છે. આ રકમ નિગમના હવાલે મૂકવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે રૂ.૭૦,૦૦૦/- (અંકે રૂપિયા સિત્તેર હજાર પુરા) નિગમને હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૪૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ અંગે મુડી ખર્ચ જોગવાઇ પેટા મુખ્ય સદર-૦૪-લઘુમતીઓનું કલ્યાણ ગૌણ સદર ૧૯૦-જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોમાં મૂડી રોકાણ

પેટા સદર (૦૧)- એમએનટી-૧૩ ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમને શેરમૂડી ફાળો હેઠળ ઉધારવાનો રહેશે.

૩. આ રકમ નાણાં વિભાગ દ્વારા વખતોવખત છુટી કરવામાં આવતી ગ્રાંટના પ્રમાણસર છુટી કરવાની રહેશે.

૪. આ ઠરાવ ઉપર વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના તા.૧૦-૦૪-૨૦૧૭ના ઠરાવથી ચાલુ સેવાઓને નાણાં વિભાગ દ્વારા આપવામાં આવેલ મંજૂરી તથા સરખા ક્રમાંકની ફાઇલ પર વિભાગના અગ્ર સચિવશ્રીની તા.૨૭/૦૩/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ. એમ. ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,

નકલ રવાના:-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ. ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર,
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર,
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- કમ્પ્યુટર-સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ.